# અવિનાશી સલામતી એક પરમાત્મા

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

માનવે તેની બુધ્ધિશકિતથી અનેક સિધ્ધિઓનાં સોપાન સર કર્યાં છે. અશકય ઘટનાઓને શકય બનાવી છે. પૃથ્વી ઉપર સ્વપ્નમાં પણ જોયેલી વિપુલ સાધન-સામગ્રીને ઉતારી સ્થૂળ સુખો અને સ્વર્ગનો આભાસ કરાવ્યો છે. તેમ છતાં પળે પળે સાવધાની, ચેતવણીની સાયરન તેની બુધ્ધિને આંચકા આપી રહી છે. પ્રગતિ અને સુવિધાઓના પ્રમાણમાં ભયસ્થાનો અને જોખમો પણ વૃધ્ધિ પામતાં જાય છે. તેની આજુબાજુ અવિરત ડરનું અને અસલામતીનું વાતાવરણ જામતું રહે છે, અત્યારે પ્રકૃતિનાં પાંચ તત્ત્વોનો ઉપદ્રવ સવિશેષ છે. પૃથ્વી તત્ત્વ ધરતીકંપથી ઊથલપાથલ સર્જે છે. પાણી પ્રચંડ પૂર અને ભરતીથી તારાજી વરસાવે છે. બેફામ વાયુ વિકરાળ વાવાઝોડાં લાવે છે. આકાશ પ્રદૂષણથી સભર છે, સૂર્યની વિષમ અસહ્ય ગરમી દિનપ્રતિદિન અવનવું રૂપ ધારણ કરે છે. પ્રકૃતિની શકિતમાંથી ઉત્પન્ન થયેલી સાધન-સામગ્રી પણ અનઆવડત અને સરતચૂકને લીધે જીવનનો ભોગ લે છે. તે સિવાય ચોરી, લૂંટ, હિંસા, બળજબરાઈનો ભય અપૂર્વ છે. યુધ્ધનો ભય તો આખા વિશ્વ પર તોળાઈ રહ્યો છે. માનવને સૌથી મોટો ડર તો પોતાની અસલામતીનો છે.

વિવિધ ભયસ્થાનોથી રક્ષણ મેળવવા માટે મનુષ્ય તેની સ્થાવર અને જંગમ મિલકતનો વીમો ઉતરાવે છે. તેનું પોતાનું શરીર અને જીવન તેની મહાન જંગમ મિલકત છે. મનુષ્યો અનેક લક્ષ્યથી જીવનનો અને વસ્તુઓનો વીમો ઉતરાવે છે. વીમાથી આર્થિક બચત થાય છે, જાન-માલનું રક્ષણ થાય છે. કરમુકિત મળે છે, કાળું નાણું ધોળું થાય વગેરે ખ્યાલો પ્રવર્તે છે. માબાપ બાળકોના નામે પણ વીમો લે છે. આજકાલ માણસ એટલો આગળ વધી ગયો છે કે તે તેની આંખ, હાથ-પગ, નખ વગેરેનો પણ વીમો ઉતરાવે છે, બિચારો વીમો ઉતારનાર એજન્ટ પણ તેનો પોતાનો વીમો ઉતરાવે છે. વીમો માણસને અજગરના મુખમાંથી પણ બચાવે છે તેવું આશ્વાસન આપવામાં આવે છે. જીવનવીમાનો લાભ



આ જન્મમાં મળે અથવા ન મળે, નાણાંનું અવમૂલ્યન થાય તો અલ્પ લાભ મળે. વાસ્તવિક ગણતરી કરીએ તો સરવાળે નહિવત લાભ થાય. જીવનવીમાના નામે શરીરના આયુષ્યને જ ધ્યાનમાં લેવામાં આવે છે.

અત્યારે સમગ્ર વિશ્વના માથે આપત્કાલ સ્થિતિ ચાલે છે. સાવધાન! મહાવિનાશ સામે ઊભો છે! માટે વાસ્તવિક ઈન્શ્યોરન્સ શરીરનો ન હોઈ શકે. શરીર તો આત્મા-સાધકનું કર્મ બજાવવાનું સાધન છે તેથી શરીર કરતાં આત્માની સલામતી અને સધ્ધરતાની ખાસ કાળજી રાખવી જરૂરી છે. કોઈને પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે કે અજર, અમર, અવિનાશી આત્માને સ્થૂળ ધનદોલતથી માપી શકાય નહીં. સ્થૂળ સાધનો તો અન્ય દ્વારા ઉપયોગમાં લઈ શકાય છે પરંતુ પ્રત્યેક જીવનું શરીર તેના સાધક-માલિક સિવાય કશાય કામનું નથી. ભલે આત્મા કાળની દ્રષ્ટિએ અમર, અવિનાશી છે. તેમ છતાં તેના પર કાળચક્રની અસર થાય છે. અવિનાશી આત્માના શિરે પણ અડધાકલ્પ-દ્વાપરયુગથી પાંચ વિકારોનું જોખમ શરૂ થયું છે. એ જોખમ વર્તમાન સમયે અંતિમ સીમાએ પહોંચ્યું છે. વિકારોના ઉગ્ર સ્વરૂપથી આત્મા દિનપ્રતિદિન નિર્બળ બનતો જાય છે અને તેની અસર શરીર પર પડે છે. તેમ છતાં વર્તમાન સમય અગાઉ કોઈએ આત્માનો વીમો ઊતરાવ્યો નથી અને તેને ઉતારનાર પણ કોઈ હતું નહીં કારણ કે આત્માનો વીમો ઉતારનાર નિરાકાર પરમપિતા પરમાત્મા શિવનું અવતરણ કળીયુગનો અંત અને સતયુગની શરૂઆત એવા પુરુષોત્તમ સંગમયુગમાં થાય છે. પરમાત્મા કાળની અસરથી પર રહે છે કારણ કે તે કાળોના પણ કાળ મહાકાલેશ્વર છે અને તેથી તેમને વીમાની જરૂર નથી પરંતુ તે સર્વ આત્માઓનો વીમો ઉતારવા સર્વસમર્થ છે. વર્તમાન સમયે બાળક, યુવાન, વૃધ્ધ સર્વની આત્મિક દ્રષ્ટિએ વૃધ્ધાવસ્થા, વાનપ્રસ્થ અવસ્થા છે. અત્યારે સુખ, શાંતિ, પવિત્રતા વગેરે આત્માના ગુણોનું પૂરું જોખમ છે.

આવા પ્રકારના વીમાથી આત્માને મુકિત અને જીવનમુકિત મળે છે. જન્મજન્માંતર સર્વપ્રાપ્તિ-સંપન્ન હેલ્થ, વેલ્થ, હેપીનેસ પ્રાપ્ત થાય છે. વીમો ઉતારનાર પરમાત્મા સોદાગર અને દાતા છે. તે કોડીને બદલે અમૂલ્ય ડાયમંડ આપે છે, કાળ ઉપર વિજય અપાવે છે, કંચન કાયા બક્ષે છે, જૂના-પુરાણાના સાટામાં નવું અર્પણ કરે છે. કખપન લઈ લખપન પ્રદાન કરે છે. આ અવિનાશી વિચિત્ર વીમાની શરતો, પ્રીમિયમ અને પ્રાપ્તિ પણ વિચિત્ર છે. ક્ષણે ક્ષણે પ્રીમિયમ ભરવું પડે છે અને વર્તમાનમાં ક્ષણે ક્ષણે અને ભવિષ્યમાં ચિરકાળનો લાભ થાય છે. પરમાત્મા કહે છે, હે વત્સ! મનમના ભવ! સર્વને ભૂલી તારા મનને મારી સાથે જોડ. પરમાત્મા સ્થૂળ ધન અથવા તનની માંગણી કરતા નથી. આપણે જાણીએ છીએ કે આપણું મન પણ કેવું અશુધ્ધ, નિર્બલ, વ્યર્થ સંકલ્પ કરનારું, અતિ ચંચળ અને વિકારયુકત છે. સ્થૂળ ધનનો વિવેકથી ઉપયોગ કરનાર માણસ તેમાંથી કંઈ ને કંઈ બચત કરે છે, જે ગરીબને માટે શકય નથી. પરંતુ કર્મક્ષેત્રને, ધર્મક્ષેત્રને સમજી કર્મયોગનું સેવન કરનાર તેનાં સંકલ્પ, વાણી, સ્મૃતિ, શ્રુતિ, દ્રષ્ટિ, વૃત્તિ વગેરેને આત્મિક સ્થિતિમાં સ્થિર કરી પરમાત્માની નિરંતર યાદમાં રહી સાક્ષીદૃષ્ટા બની ફળની અપેક્ષા ન રાખે તો તેની સર્વશકિતઓમાંથી સહજ રીતે અનેકગણી બચત કરી શકે. આ બચત તો

**વીમો ઉતારનાર પરમાત્મા સોદાગર અને દાતા છે. તે કોડીને બદલે અમૂલ્ય ડાયમંડ આપે છે, કાળ ઉપર વિજય અપાવે છે, કંચન કાયા બક્ષે છે, જૂના-પુરાણાના સાટામાં નવું અર્પણ કરે છે**

ગરીબ-તવંગર સર્વને માટે શકય છે.

આવા પ્રકારની બચતના પરિણામે મન, બુધ્ધિ અને સંસ્કારનું પરિવર્તન થતાં આત્માને બદલામાં ચિરકાળનાં સુખ, શાંતિ અને પવિત્રતા સિધ્ધ થાય છે. શારીરિક સુખ અને સ્થૂળ શાંતિ માટે માણસ શાં શાં વલખાં મારે છે? પરિણામે મૃગજળનો અનુભવ થાય છે. આત્મિક સુખ, શાંતિ અને પવિત્રતાનું મૂલ્ય કોઈ પણ રીતે માપી શકાય તેમ નથી માટે શુભ કાર્યમાં વિલંબ કર્યા વિના આત્માની સલામતી માટે સર્વશકતિવાન વિશ્વકલ્યાણકારી શિવ પરમાત્માની અવિનાશી યોજનાનો લાભ લો. આજે નહિ તો કયારેય નહિ!

મિત્રો, ચાલો આપણે સૌ, આપણો અને આપણા સહપરિવારનો અવિનાશી વીમો ઉતારવા પ્રેરણાસ્ત્રોત બનીએ. એ જ અભ્યર્થના સાથે

---

# અર્જુનની પ્રાર્થના

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

ભગવાને શ્રદ્ધાની મહત્તા બતાવી. હવે અંતમાં અર્જુન પ્રાર્થના કરે છે.

અર્જુનની પ્રાર્થનાની પૂર્વે આપણે પ્રાર્થનાનું મહત્ત્વ સમજીએ. કોઈ કહે છે, 'પ્રાર્થના એ જડીબુટ્ટી છે' તો કોઈ કહે છે,' પ્રાર્થના અમોઘ શસ્ત્ર છે.' કોઈ કહે છે,' પ્રાર્થના સ્વયં ચમત્કાર છે' તો કોઈ કહે છે,'પ્રાર્થના એ ચિંતામણી છે'. પ્રાર્થના માટે ઘણા ઘણું કહે છે પરંતુ પ્રાર્થના એ ફક્ત પ્રાર્થના છે. ભગવાન સાથેના સેતુની રચના પ્રાર્થના કરી આપે છે.

પ્રાર્થના શબ્દ 'પ્ર' + 'અર્થના' પરથી બન્યો છે, જેનો અર્થ થાય છે, 'વિશેષ પ્રકારની નમ્ર માંગણી' પરંતુ આધ્યાત્મિક દષ્ટિએ જોઈએ તો પ્રાર્થના એટલે માત્ર માંગવું નહીં પણ પરમાત્મા સાથેનું હૃદયપૂર્વકનું જોડાણ. તે ભક્ત અને ભગવાન વચ્ચેનો એક અતૂટ સેતુ છે પરંતુ આપણા મનમાં પ્રશ્ન થાય કે શ્રેષ્ઠ પ્રાર્થના કઈ? ગુનો કરીને એમાંથી છુટાય એ માટે કરગરવું એ? ચોરી કરીને એમાં પકડાઈ ન જવાય એ માટે તલપાપડ થવું એ? મહેનત કર્યા વગર આખું વરસ રખડ્યા પછી પરીક્ષામાં પાસ થવા માટે અરજ અને ગરજ દાખવવી એ?

હરગીજ નહીં, આ તો ભગવાને આપણને સોંપેલી જવાબદારીઓમાંથી પલાયન વૃત્તિ છે. ' પ્રાર્થના' એટલે પ્રભુની હામાં હા મેળવી, તાલમાં તાલ ભેળવીને તેઓની આજ્ઞા પાળવી એ! અને એથી પણ શ્રેષ્ઠ પ્રાર્થના કઈ? બીજાનું ભલું થાય એ પ્રાર્થના. જે પોતાના હિત માટે પ્રાર્થના કરે છે એ સકામ ભક્ત છે. જે બીજાના હિત માટે પ્રાર્થના કરે છે એ નિષ્કામ ભક્ત છે.

શ્રીમદ ભાગવતમાં ગજેન્દ્ર નામના હાથીની એક સુંદર કથા છે. ગજેન્દ્ર પોતાની પ્રિય પટરાણીઓ-



હાથણીઓ સાથે એક વિશાળ સરોવરમાં સ્નાન કરવા પ્રવેશ્યો. આ સરોવરમાં એક મગર પણ હતો. ઊંડા જળમાં સ્નાન કરી રહેલા હાથીનો એણે પગ પકડી લીધો. બંને વચ્ચે સરોવરમાં જ યુદ્ધ શરૂ થયું. હાથી ખૂબ જ બળવાન હોવા છતાં જળમાં મગર સામે નિઃસહાય હતો. અંતે, હાથીએ ભગવાનને હૃદયપૂર્વક પ્રાર્થના દ્વારા મદદનો પોકાર કર્યો. તે જ ક્ષણે ભગવાન પ્રગટ થયા અને સુદર્શન ચક્રથી મગરનું મસ્તક છેદીને હાથીની રક્ષા કરી!

ગજેન્દ્ર મોક્ષ જેવી અનેક કથાઓ આપણાં શાસ્ત્રોમાં જોવા મળશે કે જેનો સૂર એક જ હશે કે પ્રાર્થના એ અમોઘ શક્તિ છે. પ્રાર્થના એ ભગવાન સાથે જોડાવાનો અત્યંત સરળ અને ટૂંકો રસ્તો છે. મહાભારત પણ લખે છે કે પ્રાર્થનાથી આત્મામાં અનંત શક્તિનો સંચાર થાય છે. નાનકડા પાંચ વર્ષના ધ્રુવજીએ વિકટ ને વિકરાળ જંગલમાં ભગવાનને પ્રાપ્ત કરવા તપ શરૂ કર્યું! એમના શુદ્ધ હૃદયની પ્રાર્થના એ જ એમનું તપ હતું! ભગવાને ધ્રુવજીની પ્રાર્થના સાંભળીને પ્રગટ થવું પડ્યું. ભગવાન સ્વામીનારાયણ પણ વચનામૃતમાં કહે છે કે 'ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ અને વિશ્વાસ પ્રાર્થના રૂપે બહાર પ્રગટ થાય છે. એટલા માટે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરવી જોઈએ.' ભગવાન ઉપરની અતૂટ શ્રદ્ધા જ પ્રાર્થનાના સ્વરૂપમાં ફેરવાઈ જાય છે. પ્રાર્થનાનાં ગણિત કોઈથી ગણી શકાતાં નથી. પ્રાર્થના સમજાવી શકાતી નથી એનો તો ફક્ત અનુભવ જ થઈ શકે. પ્રાર્થના શ્રદ્ધાનો વિષય છે, બુદ્ધિનો નહીં! પ્રાર્થના એ સંજીવની ઔષધિ છે. જેનું પરિણામ જોઈ શકાય છે. પરંતુ બુદ્ધિથી માપી શકાતું જ નથી. એક પ્રખ્યાત વકીલે ગાંધીજીને પ્રાર્થનાસભા પછી કહ્યું ''તમે પ્રાર્થનામાં જેટલો સમય ગાળો છો, તેટલો સમય દેશસેવામાં ગાળો, તો વધારે સેવા ન થાય?'' ગાંધીજી તરત બોલ્યા, ''તમે જમવામાં કેટલો સમય કાઢો છો?'' ''રોજનો કલાક,'' વકીલે કહ્યું. ''એટલો સમય તમે વકાલતમાં કાઢો તો કેટલાય વધારાના કેસ લઈ શકો, ને વધારે કમાણી ન થાય?'' ગાંધીજીએ પૂછ્યું. ''પણ ભોજન વિના કેમ ચાલે? તેના વિના કેસ લડવાનું બળ ક્યાંથી આવે?'' "બસ, તે જ રીતે પ્રાર્થના વિના મારામાં દેશસેવાનું બળ ક્યાંથી આવે? પ્રાર્થનામાંથી જ મને દેશસેવાની શક્તિ મળે છે," ગાંધીજી સહજ રીતે બોલી ઊઠ્યા.

**પ્રાર્થનાનાં ગણિત કોઈથી ગણી શકાતાં નથી. પ્રાર્થના સમજાવી શકાતી નથી એનો તો ફક્ત અનુભવ જ થઈ શકે. પ્રાર્થના શ્રદ્ધાનો વિષય છે, બુદ્ધિનો નહીં**

આમ, પ્રાર્થના એ મનુષ્ય જાતિને ભગવાને આપેલું મહા મોંઘું વરદાન છે. પ્રાર્થનાના વડે મહાત્મા ગાંધી દેશને સ્વરાજ્ય આપી શક્યા, પ્રાર્થના વડે મીરાંબાઈએ પ્રભુભક્તિમાં આડા આવતાં વિઘ્નોને હટાવી દીધાં. જ્યારે જીવનમાં અંધકાર છવાઈ જાય ત્યારે પ્રાર્થના આશાનું કિરણ બનીને આવે છે. તે આપણને વિપરીત પરિસ્થિતિઓ સામે લડવાની આંતરિક શક્તિ આપે છે. વિદ્યાર્થીઓ અને કર્મયોગીઓ માટે પ્રાર્થના એ એકાગ્રતા વધારવાનું શ્રેષ્ઠ સાધન છે. પ્રાર્થના વડે આપણા જીવનમાં નમ્રતા આવે છે. સાચી પ્રાર્થના શબ્દોની મોહતાજ નથી કારણ કે ભગવાન શબ્દો નથી જોતાં પણ હૃદયનો ભાવ જુએ છે.